# અધ્યાત્મ વચન

અધ્યાત્મની વ્યાખ્યા કરતાં શાસ્ત્રકાર મહારાજાએ કહ્યું છે કે–' **आत्मानमधिकृत्य पंचाचार चारिमा ।** ' આત્માને ઉદ્દેશીને જે પાંચેય (જ્ઞાનાચારાદિ) આચારની સાધના કરવી તેનું નામ '**અધ્યાત્મ**' કહેવાય છે.

આ અધ્યાત્મશાસ્ત્રનો ઉપદેશ અમૃત સમાન કહ્યો છે, તેથી પ્રગટ આત્મામાં પરમ શાંતિ અનુભવાય છે અને અનુક્રમે મોક્ષસુખની પ્રાપ્તિ થઇ શકે છે. અધ્યાત્મમાર્ગ બતાવે તે 'અધ્યાત્મવચન' છે. જે વચન એકાંત આત્મહિતને જ અર્થે પ્રવર્તે છે, જે વચન રાગ–દ્વેષાદિક વિકારવર્જિત શ્રી વીતરાગદેવની અમૃતમય વાણીના અનુવાદક હોય છે, જે વચન જ્ઞાન કે ક્રિયાનો એકાંત પક્ષ ખેંચતા નથી, જે વચનથી જ્ઞાન અને ક્રિયાને સાથે જ પુષ્ટિ મળે છે અને જે વચનવડે શુદ્ધ સમજપૂર્વક શુદ્ધ ક્રિયા સેવવા જ પ્રવર્તાય છે, તેનું નામ '**અધ્યાત્મવચન**' કહી શકાય છે. જેમ પંખી બે પાંખવડે જ ઊડી શકે છે અને રથ બે ચક્રવડે જ ચાલી શકે છે, તેમ 'અધ્યાત્મ' પણ શુદ્ધ જ્ઞાનક્રિયાના સંમેલનથી જ પ્રવર્તે છે. તે વિના અધ્યાત્મ કહી શકાય જ નહિ. વસ્તુતત્ત્વની સમજ મેળવી, હિતાહિતનો યથાર્થ વિવેક કરી, જે સ્વહિતસાધનમાં પ્રવૃત્ત થાય છે અને અહિત કાર્યથી નિવૃત્ત થાય છે, તે જ અંતે સ્વ-ઇષ્ટસિદ્ધ કરી શકે છે. તે વિના એકાંત જ્ઞાન કે ક્રિયાના પક્ષમાં પડી સ્વ–પરને ભારે નુકશાનીમાં ઉતારવાનું બને છે. અધ્યાત્મમાર્ગ આત્મકલ્યાણનો અમોઘ ઉપાય છે, જેથી તેમાં

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

જે કાંઈ કર્ત્તવ્ય કરવામાં આવે છે તે લોકદેખાવ માટે નહિ, પણ કેવળ પોતાના જ આત્માને લક્ષી તેની શુદ્ધિ અને તેની જ ઉન્નતિ અર્થે કરવામાં આવે છે. આવી અંતરદૃષ્ટિ જેને જાગી છે, તે '**અધ્યાત્મદૃષ્ટિ**' વા 'અધ્યાત્મી' કહેવાય છે. એવા અધ્યાત્મદૃષ્ટિ **મહાપુરુષો** સત્તરમા ને ઓગણીસમા સૈકામાં શ્રી **આનંદઘનજી** અને શ્રી **ચિદાનંદજી** થઇ ગયા. વર્તમાનમાં પણ કોઇ કોઇ વિરલ આત્મા એનો આંશિક અનુભવ અનુભવતા હશે. અનાદિકાળથી પરપુદ્ગલના અભ્યાસયોગે જીવને અધ્યાત્મનું આચરણ તો દૂર રહ્યું, પણ એ વાર્તા પ્રત્યે પ્રેમ આવવો એય કઠીનતમ છે. એવા જીવો પૂ. ઉ. મહારાજે આઠ દૃષ્ટિ પૈકી બીજી તારાદૃષ્ટિમાં વર્તતાને જણાવ્યા છે.

'એહ દૃષ્ટિ હોય વર્તતા મનમોહન મેરે,
યોગ કથા બહુ પ્રેમ મનમોહન મેરે.'

આ અધ્યાત્મ વિના પૂ. ઉપાધ્યાયજી મહારાજના શબ્દોમાં કહીએ તો—

'અધ્યાત્મ વિણ જે ક્રિયા, તે તો તનમુલ તોલે;
મમકારાદિક યોગથી, ઈમ જ્ઞાની બોલે.'

બાકી નામ–અધ્યાત્મથી કાંઈ દિ' વળવાનો નથી. જેનું ભાવ-અધ્યાત્મ સાચું છે અગર તેની સુરુચિ છે, સન્મુખભાવ છે, તે જ આત્માના અધ્યાત્મના ત્રણ નિક્ષેપા (નામ, સ્થાપના ને દ્રવ્ય) સાચા છે. આ ચારમાંથી એકેય નિક્ષેપો ઓળવવા યોગ્ય નથી. આવા અધ્યાત્મને સૌ કોઈ લેખક-વાચક પામી સ્વ–પર આત્માનું હિત સાધો એ જ સમીહા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org